

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કર્યાં કામ ખૂબ, 'કોરોના' એ મહેનત ધોઈ નાખી,*
*અર્થતંત્રે લાગ્યો ચેપ દવામાં પૂડી ખોઈ નાખી.*
*ખોઈ નાખી આબરૂ ખૂલ્લાં બજારમાં છડેચોક -*
*સત્તા કરતાં પણ છે મોટી, 'શ્રી શક્તિ,' જોઈ નાખી...*
*(એક વર્ષ પૂરું)*

હાઈકુ

*થવું જરૂરી -*
*સ્વદેશી ચળવળે -*
*આત્મ - નિર્ભર*

*છૂટકો નથી*
*બહિષ્કાર સિવાય -*
*ચિનાઈ માલ...*
*(ચાલો ગાંધી ચિંધ્યા માર્ગે)*

### ચિંતન

**મૂર્ખેષુ વિવાદો ન કર્તવ્ય: ।**

**ઉપરોક્ત સૂત્ર ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**મૂર્ખાઓ સાથે વાદવિવાદ ના કરવો જોઈએ.**

**મૂર્ખ માનવી ક્યારેય પોતાનું હિત-અહિત સમજતો નથી. આથી એને સમજાવવાના, એને શિખામણ આપવાના પ્રયત્નોની વિપરિત અસર થાય છે અને તે વિવાદ (ઝઘડો) છેડી બેસે છે.**

**આથી મૂર્ખાઓ સાથે વિવાદથી નહિં પણ કડક હાથ કામ લેવું જોઈએ.**

**જે મૂર્ખ, અજ્ઞાની કે અધકચરાં જ્ઞાન ધરાવતાં હોય એવી વ્યક્તિ સાથે કદાપિ વાદ-વિવાદમાં ઉતરવું નહીં કારણ કે સત્ય સ્વીકારવાની એમનામાં હિંમત જ નથી હોતી. અજ્ઞાની હોવાથી એમનામાં વિનય-વિવેક-ક્ષમાભાવ હોતો નથી. તેથી વાદ-વિવાદને ઉગ્ર રૂપ આપી કંકાસ કરે છે. આથી મૂર્ખ લોકો સાથે ચર્ચામાં ઉતરવું નહીં.**

### સુવિચાર

- ભીતર સત્ય પૈદા કરો... ફિર બાહર કુચ પાપ-પુણ્ય નહિં... - **ઓશો**
- અંદરના સારા ભાવનો ખૂબ પ્રભાવ છે, પણ આજે, તો લોકોમાં તેનો જ અભાવ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સવાલ : આપણા વખાણ જ સાંભળવા હોય તો શું કરવું ?
  જવાબ : પ્રાર્થનાસભા સુધી રાહ જોવી - **આચાર્ય વિજય રત્નસુંદરસૂરીજી**
- સ્વર્ગ એટલે પરિશુદ્ધ મન ! સ્વર્ગ કોઈ પૃથ્વીથી દૂર આવેલો પ્રદેશ નથી. નિષ્કપટ માણસ પૃથ્વી પરના સ્વર્ગનો દેવદૂત છે - **ગુણવંત શાહ**
- દુ:ખમાં તો તમે છો તેનું ભાન થાય છે,
  સુખમાં તો તમારું પોતાપણું વિલીન થઈ જાય છે - **ફ્રેડરિક નિત્શે**
- આપણા સુખ-સમૃદ્ધિમાં સમાજનો પણ ભાગ છે એમ સમજીને માલિકો હક છોડતા જવું
  એનું નામ દાન - **વિનોબા ભાવે**
- આજનું ઔષધ : કાળા મરીનો પાઉડર ચમચી જેટલો બે ચમચી દહીં અને સોપારી જેટલો ગોળ મિક્સ કરી સવાર-સાંજ લેવાથી જૂની સળેખમ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આપણા ધર્મમાં અમુક અન્ન ખાવું,અમુક અન્ન ન ખાવું, અમુક જગ્યાએ ન ખાવું, અમુક લોકોનું અન્ન ન ખાવું એવો વિવેક અને મર્યાદા બતાવ્યા છે. કારણ કે જે ખોરાક શરીરમાં જાય છે એવા જ વિચારો આવે છે અને એવું જ જીવન બને છે.

ભીષ્મ યુદ્ધ કરવા માટે તૈયાર થતા ન હતા. દુર્યોધન એમને સંમત કર્યા વગર યુદ્ધ લડવા ઈચ્છતો ન હતો. એના મામા એ એને સલાહ આપી કે એક ભોજન સમારંભનું આયોજન કરવું અને ભીષ્મ, દ્રોણાચાર્ય, કર્ણ સૌને આમંત્રણ આપવું. ભોજન પહેલા પ્રાર્થના થઈ. ભીષ્મે આંખો મીચી ત્યારે દુર્યોધને પોતાના દૂધપાકની વાટકી ભીષ્મની વાટકી સાથે બદલી નાખી. દુર્યોધને પોતાના રસોઈયાને પણ સૂચના આપેલી કે રસોઈ બનાવતી વખતે યુદ્ધના વિચારો કરે. અને યુદ્ધમાં પાંડવો હારે તેવા વિચારો કરવા.

સૌએ ભોજન પુરું કર્યું અને દુર્યોધન ભિષ્મના ચરણ સ્પર્શ કરવા લાગ્યો ત્યારે ભિષ્મે કહ્યું, 'ચાલો, વત્સ,યુદ્ધમાં હું તારી સાથે છું.' વિદુરજીએ આખો ખેલ નિરપેક્ષ ભાવે જોયો અને મનમાં જ સમજી ગયા કે આ પ્રતાપ 'અન્ન'નો છે.

સાર એ છે કે 'અન્ન તેવું મન...'

# ...દેશ સમસ્યાઓથી ઘેરાયો છે

**તંત્રીસ્થાનેથી...**

કોરોના બેકાબૂ બની સામુદાયિક સંક્રમણના સ્તરે પહોંચી ગયો છે અને સરકાર સાજા થઈ ઘરે પાછા ફરેલા કેસોની ટકાવારી વધતી જતી બતાવી મન મનાવી રહી છે. જાપાનમાં સરકારને લોકડાઉનનો આદેશ કરવાનો બંધારણીય અધિકાર જ ન હતો. એ શિસ્તબદ્ધ પ્રજા આવા કોઈ સરકારી નિયંત્રણ વગર જ કોરોના પર કાબૂ મેળવી શકી છે. કોરોનાએ વિશ્વને એક અજબગજબના આતંકમય વાતાવરણમાં ધકેલી દીધું છે. સામુદાયિક ચેપ જેવો જ આ સામુદાયિક સ્ટ્રેટ મનોચૈતસિક તનાવ અનુભવતા વિશ્વને વળી પાછું 'ઈન્ડિયન મોડલ' ભેટ આપવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપના અધૂરા રહી ગયા છે. હવે કોરોના વોરિયર્સને બિરદાવી સંતોષ માની રહ્યા છે. દરમિયાન સરહદ પર ચીન ફાઈટર પ્લેન ઉડાવી રહ્યું છે અને પશ્ચિમ કાંઠે 'નિસર્ગ' વાવાઝોડું ફૂંકાઈ રહ્યું છે. વળી ગુજરાતની રાજયસભાની ચૂંટણીમાં પોતાના ત્રીજા ઉમેદવાર નરહરિ અમીનને જિતાડવાના પણ છે. આ બધી જવાબદારી ગમે તેટલા સ્તરે વહેંચાતી રહે છતાં એની આખરી લિંક તો નરેન્દ્ર મોદીને જ અડકે છે. કેન્દ્રીય કેબિનેટ દ્વારા લઘુ ઉદ્યોગો, ખેડૂતો અને ફેરિયા - પાથરણાંવાળાં સુધીના લોકો માટે ઉદારતાપૂર્વક લોન આપવાનો નિર્ણય જરૂર આવકારદાયક ગણાશે. પરંતુ સૌથી મોટો યક્ષ પ્રશ્ન તો 'અનલોક' થયેલ દેશમાં મહામારીનો માર શી રીતે અટકાવવો તે જ રહેશે. નિયમો મુજબ સરકારી બસો, ખાનગી વાહનો, અને ટ્રેનો દોડશે, લોકો સ્વયંભૂ શિસ્ત પાળશે, માસ્ક પહેરીને જ બહાર નીકળશે અને સોશિયલ ડિસ્ટંસ જાળવશે - એ બધી વધુ પડતી અપેક્ષાઓ છે. ભારતીય નાગરિકોમાં એવી 'સિવિક સેન્સ' વિકસીત હોત તો બીજું જોઈતું જ શું હતું ? મંદિરો ખૂલશે એટલે દર્શનાર્થીઓ ઈષ્ટ દેવ કે જગદંબાની કૃપા મેળવવા પડાપડી નહીં કરે એની ખાતરી છે? ભારતીય સંસ્કૃતિ 'ડિસ્ટંસ'ને ઓછું કરનારી રહી છે. એને તો ભીડભાડ વચ્ચે જીવવાનું સદીઓથી સદી ગયું છે. બહાર સોશિયલ ડિસ્ટંસ જાળવીને ઘરે આવ્યા પછી તો એક રૂમ રસોડા વાળા ઘરમાં આખા કુટુંબને રહેવાનું છે. મુંબઈ જેવા મહાનગરની ધારાવી જેવી ઝૂંપડપટ્ટી કે આવી ખોલીઓમાં બકરાગાડીમાં બકરાં પૂર્યાં હોય એ રીતે રહેવા લોકો ટેવાઈ ગયા છે. જેને અનુકૂળ હશે તો વાઈન શોપ આગળ સોશિયલ ડિસ્ટંસ જાળવીને સારી ક્વૉલિટીનું પેય ખરીદશે, બાકીના તો પોટલી અને બેવડો જ લખાયેલો છે. યશવંત સિન્હાએ એ લાગ જોઈને મોદીને મોદીના જ સુવર્ણમંડિત શબ્દોમાં આર્થિક અધોગતિની પરાકાષ્ઠા હાંસલ કરવા માટે કટાક્ષમાં અભિનંદન પાઠવ્યા છે. મોદી ચારે તરફથી ઘેરાયેલા છે. વિપક્ષોને ફક્ત ભૂલો શોધી શોધી મીડિયામાં ચમકવું છે. કોર્ટે વિપક્ષોની અરજીઓ સંદર્ભે કરેલી ટીકા પણ કાબિલેદાદ છે. એ સાચું કે દરદીઓને સ્ટાન્ડર્ડ કરી શકાય એવી ટ્રીટમેન્ટ ઉપલબ્ધ કરાવવાનું કેન્દ્ર કે રાજય સરકારોનું ગજું નથી. કેરળ જેવા કટ્ટરવાદી રાજય અપવાદ જરૂર હશે, બાકી તો બધે જ કાગડા કાળા છે. ઊડીને આંખે વળગે એવી બાબત એ છે કે શહેરોમાં કોરોનાનો જવાળામુખી ફાટ્યો છે અને એની ઝોળ ગામડાંને લાગી રહી છે. શું એ શહેરોને સરકાર કોરોનાના સકંજામાંથી બચાવી શકશે ? આર્થિક પ્રવૃત્તિ શરૂ કરતાંની સાથે કોરોનાનો રાક્ષસેન મોકળું મેદાન નહીં મળી જાય ? આખરે ભારત પાસે અંતિમ આશ્રય સ્થાન અધ્યાત્મનું છે.

# તેમની આંખોમાં આશા અને ઉમંગની અનેરી ચમક આવી ગઈ



નવાં કલેવર

નટવર હેડાઉ

આજે વિવેકાનું હૈયું ઉછાળા મારતું હતું. તેની ખુશીનો કોઈ પાર ન હતો. લોકડાઉન હટી ગયું હતું અને અનલોક-૧નો અમલ શરૂ થઈ ગયો હતો.

'હાશ! હવે વાંધો નહીં આવે. લગ્નનો પ્રસંગ ભલે ભભકાથી નહીં ઉજવી શકાય પણ તેમાં માંગલ્યની ભાવના સાથે સ્નેહના સૂર રેલાશે. વિવેકા તેના મોં પર મલકાટ સાથે ઘરમાં પ્રવેશી અને ખુબ જ આત્મીયતાપૂર્વક કહ્યું, 'મમ્મી, તું મારા લગ્નની ચિંતા કરે છે ખરું ને ? પણ હવે ચિંતાની કોઈ વાત નથી.' પ્લીઝ જરા હસ, તારું હાસ્ય મને મારી વાત કરવા માટે પ્રેરક બનશે.'

'એવી તે શું વાત છે?' તેની મમ્મીએ કહ્યું.

'મારે તને એક શુભ સમાચાર આપવાના છે.'

શુભ સમાચારની વાત સાંભળી વિવેકાની મમ્મીના ચહેરા પરનાં ચિંતાના વાદળો હટી ગયા અને તેમના ઉદાસ ચહેરો મલકી ઉઠ્યો. જરા કૃત્રિમ રીતે આંખ કાંઢતાં તે બોલી. 'તું બહુ સમજદાર થઈ ગઈ છે. તને કેવી રીતે ખબર કે હું તારા લગ્નની વાતે ચિંતામાં છું. હાં, હવે બોલ શું શુભ સમાચાર છે? હું પણ જાણું તો ખરી ?'

વિવેકા જરા શરમાઈ ને બોલી, 'મમ્મી, તમારા જમાઈ વિનાયકનો ફોન હોત. તેમની રજા મંજુર થઈ ગઈ છે. લગ્ન આવતા મહિનામાં સારા મુર્હુતમાં થઈ જાય તેમ ઈચ્છે છે.'

તેમની માએ એમ કહ્યું કે વિનાયક બેટા, તારા પિતા અને વિવેકાના પિતા બંને લશ્કરમાં હતા. તેઓ શહિદ થઈ ગયા. પુરુષની છત્રછાયા માથા પરથી હટી જતાં સ્ત્રીની શું હાલત થાય છે. તે હું સારી રીતે જાણું છું. મેં એ બધું ભોગવ્યું છે. વિવેકાની માંના દુ:ખને હું સમજી શકું છું, તે એકલી આટલા ટૂંકાગાળામાં લગ્નની તૈયારી કઈ રીતે કરશે ? ઉપરથી આ લોકડાઉન, બજારો બેંકો બધું બંધ તેમાં પ્રસંગ કરવો કેટલો મુશ્કેલ બને છે. અને આટલા જ વ્યક્તિઓ આવવા જોઈએ. સગાં સંબંધીમાં કોને બોલાવવાં ને કોને છોડવા એ બધું અઘરું છે. હું વિવેકાની માં સાથે ફોન પર વાત કરીશ. અને કહીશ કે તમે જરાય ગભરાતાં નહીં આપણે બધું ખૂબ ગણતરીપૂર્વક અને સાદાઈથી કરવું પડશે. મોટા જમણવારના ખર્ચમાંથી બચી જઈશું અને ખોડા આડંબર વિના દીકરા-દીકરીનો આ મંગલ પ્રસંગ પાર પાડીશું. આજના સમયની આ માંગ છે. ખુશીનો સંબંધ હૃદયની ભાવનાથી હોય છે ખોટા દેખાડાથી નહીં. સરકારે નિર્ધારિત કરેલ નિયમો અનુસાર ઘરનાંઓ કહેવાય તેવા લોકો સાથે રહી ચાર ફેરા ફેરવવાની વિધિ પુરી થઈ જાય એટલે ભયો ભયો. રાજીખુશીથી વહુને માન-સન્માનપૂર્વક ઘેર લઈ આવીશું.

'દીકરીને માંની સલાહ ગમી ગઈ. તેણે પળનો પણ વિલંબ કર્યા વિના વિવેકાને ફોન લગાવ્યો અને તેની માં સાથે થયેલ વાતચીતની વિગતવાર ચર્ચા કરી.

દીકરીના મુખે ખરેખર શુભ-સમાચાર સાંભળી તેની માં ના ચહેરા પરની ચિંતાની રેખાઓ વિખરાઈ ગઈ અને ચહેરો તાજાં ખીલેલાં ફૂલ જેવો ખીલી ઊઠ્યો.'

પાસે બેઠેલા દાદીમાંએ પૌત્રી અને વહુની વચ્ચે થયેલ વાતચીત સાંભળી. તેમની વૃદ્ધ આંખોમાં આશા અને ઉમંગની અનેરી ચમક આવી ગઈ.

# યે આદતેં ભી અજીબ હોતી હૈ



આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક અંધારી અને મેઘલી રાત છે. એક પુરુષ અને એક સ્ત્રી એક રેલ્વે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં અચાનક ભેગા થઈ જાય છે. એ વેઈટિંગ રૂમમાં બંને એકલા જ છે. બંને એકબીજાને જુવે છે તો ખબર પડે છે કે તેઓ એક સમયે પતિ-પત્ની હતા જેઓ પાંચ વર્ષ પહેલા રાજીખુશીથી એકબીજાથી જુદા થઈ ગયા હતા. જુદા થઈ ગયા પછી લગભગ પાંચ વર્ષ પછી તેઓ પહેલી વાર આમ અચાનક જ રેલ્વે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં મળ્યા છે.

પતિ થોડો ભીંજાયેલો છે એટલે બાથરૂમમાં થોડો ફ્રેશ થઈને સિગારેટ પીવા માટે કાઢે છે. પોતાની આદત મુજબ મોમાં સિગારેટ નાખે છે અને સિગારેટ સળગાવવા માટે લાઈટર કે માચીસ શોધવા પોતાના ખિસ્સા ફંફોસે છે અને પોતાની બેગમાં પણ આમતેમ ફાંફાં મારે છે પણ લાઈટર કે માચીસ મળતા નથી. એ સમયે પેલી એક સમયની તેની પત્ની પોતાના પર્સમાંથી માચીસ કાઢીને તેના એક સમયના પતિને સિગારેટ સળગાવવામાં મદદ કરે છે. પત્ની પાસે માચીસ જોઈને પતિને આશ્ચર્ય થાય છે અને ત્યાર પછી બંને વચ્ચે સંવાદ થાય છે;

પતિ ; અરે, અબ ભી માચીસ રખતી હો? પહલે તો મેરે લિયે રાખતી થી ઔર અબ?

પત્ની : અપને લીએ રાખતી હું.

પતિ : મતલબ? સિગારેટ પીના શુરું કર દીયા ક્યા?

પત્ની : નહીં, આપકી ભૂલનેકી આદત નહીં ગઈ, મેરી રખનેકી આદત નહીં ગઈ.

પતિ : આદતેં ભી અજીબ હૈ. સાંસ લેના ભી કૈસી આદત હૈ. જીયે જાના ભી ક્યા રવાયત (પરંપરા) હૈ. જીયે જાતે હૈ, જીયે જાતે હૈ. આદતેં ભી અજીબ હોતી હૈ.

આ દ્રશ્ય રેખા અને નસીરુદ્દીન શાહ અભિનીત અને ગુલઝાર દિગ્દર્શિત ફિલ્મ ઈજાજતનું છે.

બીડી, સિગારેટ, દારૂ, જુગાર જેવા વ્યસસનોની જ આદત આપણને પડતી હોય એવું નથી. આપણને કેટલાક સંબંધોની પણ આદત પડી જતી હોય છે. કેટલાક સંબંધો સાથે તો જીવવાની જ પણ આદત પડી જતી હોય છે તો કેટલાક ખાસ અને અંગત સંબંધો થકી પણ આપણને કેટલીક આદતો પડી જતી હોય છે. જેવી રીતે આપણાં વ્યાસનો જડ અને મજબૂત હોય છી એવી જ રીતે સંબંધો અને તેના થકી પડી જતી કેટલીક આદતો પણ એટલી જ જડ અને મજબૂત હોય છે. કેટલાક સંબંધોની જેમ જ એ સંબંધો જોડે આપણી કેટલીક આદતો એટલી ઘનિષ્ઠ રીતે જોડાઈ જતી હોય છે કે જે રીતે જીવનના કેટલાક સંબંધો સરળતાથી છૂટી શકતા નથી એવી જ રીતે સંબંધો સાથે જોડાઈ ગયેલી એ આદતો પણ સરળતાથી છૂટી શકતી નથી.

આપણાં સંબંધો સાથે જોડાયેલી એ આદતો મોટી, જટિલ કે ખર્ચાળ નથી હોતી. મોટાભાગની એ આદતો નાની નાની અને સરળ જ હોય છે છતાં આપણાં સંબંધો સાથે એ એટલી ઘનિષ્ઠ રીતે જોડાઈ ગયેલી હોય છે કે એ આદતો આપણાં જીવનમાં સંબંધો જેટલી જ મહત્વની બની ગઈ હોય છે. સંબંધો આપણને ગમતા હોય છે, વહાલા લગતા હોય છે એમ જ, એ સંબંધો સાથે જોડાયેલી આદતો પણ આપણને એટલી જ ગમતી હોય છે અને વહાલી લગતી હોય છે.

આપણાં સંબંધો સાથે જોડાયેલી આદતો પણ કેવી હોય છે! કોઈ ગમતી વ્યક્તિને રોજ સવારે, સાંજે કે રાત્રે અભિવાદન કરવાની આદત, કોઈ સાથે રૂબરૂ કે ફોન દ્વારા રોજ કે સમયાંતરે પણ નિયમિત રીતે વાતચીત કરવાની આદત, કોઈ સાથે વિડીયો કોલથી વાત કરીને "દીદાર" કરી લેવાની આદત, કોઈને રોજ તો કોઈને બેચાર દિવસે કે અઠવાડિયે અચૂક મળવાની આદત, કોઈની સાથે રોજ સવારે ચાની કે સાંજે કોફીની ચૂસકીઓ લેવાની આદત, કોઈનાં ટિફિન બોક્સમાં ભાગ પડાવવી આદત કે કોઈની સાથે રોજ ભોજન કરવાની આદત, સિનેમા હાઉસમાં કોઈની સાથે બેસીને ફિલ્મો જોવાની આદત તો કોઈની સાથે વિના કારણ માત્ર રખ્ખડપટ્ટી કરવાની આદત, કોઈની સાથે રોજ બસ કે ટ્રેનમાં મુસાફરી કરવાની આદત તો કોઈની સાથે પગે ચાલીને શાળા, કોલેજ કે ઓફિસ જવાની આદત, શાંત વાતાવરણમાં નદી કે દરિયા કિનારે કોઈની સાથે કલાકો સુધી મૌન બેસી રહેવાની આદત તો કોઈની સાથે કોઈ જ કામકાજ વિના કલાકો સુધી ગપ્પાં મારવાની આદત. સંબંધો થકી આપણે આવી અને આ પ્રકારની ઘણી આદતોના બંધની થઈ જતાં હોઈએ છે જેને આપણે કલ્પના પણ કરી શકતા નથી એટલે જ કદાચ ગુલઝાર સાહેબે ફિલ્મ ઈજાજતમાં કહ્યું હશે કે, "યે આદતેં ભી અજીબ હોતી હૈ"

આ બધી જ કે આ પ્રકારની બીજી આદતો બીજા વ્યસનો જેવી જ હોય છે. ઉદાહર તરીકે કોઈને સિગારેટ પીવાનું વ્યસન હોય અને તેનો સિગારેટ પીવાનો સમય થાય ત્યારે જો સિગારેટ ના મળે તો આપણે અસ્વસ્થ થઈ જતા હોઈએ છીએ એવી જ રીતે સંબંધો થકી થઈ જતી આદતોમાં પણ જો કોઈ જ પ્રકારનો વિક્ષેપ પડે તો આપણું મન અસ્વસ્થ થઈ જતું હોય છે, કદાચ પેલી આદતો કરતાં વધારે અસ્વસ્થ થઈ જઈએ છીએ.

સંબંધીઓ સાથેની આપણી આદત પ્રમાણે આપણાં પ્રિયજનને સાથે રૂબરૂ કે ફોન દ્વારા રોજ કે સમયાંતરે પણ નિયમિત રીતે વાતચીત ના થઈ શકે, તેના "દીદાર" ના થઈ શકે, તેમને મળી ના શકીએ, તેમની સાથે ચાની કે કોફીની ચૂસકીઓ ના લઈ શકીએ, તેમની સાથે ભોજન ના લઈ શકીએ, બસ કે ટ્રેનમાં તેમની સાથે મુસાફરી ના કરી શકીએ કે એવી કોઈ પણ આદત મુજબ પ્રિયજન સાથે રહી ના શકીએ તો તેની આપણને પીડા થતી હોય છે, વેદના થતી હોય છે, હૃદયમાંથી એક ટીસ નીકળી જતી હોય છે.

કોઈપના વ્યસન સહેલાઈથી છૂટી શકતું નથી. સંબંધો થકી પડતી આદતનું પણ એવું જ હોય છે. એકવાર વ્યસન થઈ ગયું એટલે પત્યુ, એ આદતો દિવસે દિવસે વધારે ને વધારે દ્રઢ બનતી જાય છે. એ આદતો આપણાથી વછૂટી શકતી નથી અને એ આદતોથી આપણે પણ વછૂટવા માંગતા હોતા નથી. આવી આદતો થકી જ આપણે એકબીજાની વધી નજદીક આવી શકતા હોઈએ છીએ, એકબીજાને સમજી શકતા હોઈએ છે અને આપણાં સંબંધો વધુ દ્રઢ અને ગાઢ બનતા હોય છે. આવી આદતો થકી જ આપણાં સંબંધો લાંબો સમય ટકી શકતા હોય છે અને લાંબો સમય નિભાવી શકતા હોઈએ છે.

સંબંધો થકી પડેલી એ અજીબ આદતોનું સંવર્ધન કરતાં રહીએ અને સંબંધોને સાચવી રાખીએ.

# દૂરદર્શન પર રામાયણ અને મહાભારત - એક ઉમદા નિર્ણય હતો



જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

માનવ જીવનમાં પણ સંકટ વેળા એ જ વધુ ઈશ્વર યાદ આવતો હોય છે. કોઈ આ કોરોના મહામારીનો ઉમદા નિર્ણય હોય તો એ સરકાર દ્વારા દૂરદર્શન ઉપર બે ધાર્મિક સિરીયલોનું પુનઃ પ્રસારણનો જરૂર કહી શકાય કારણ કે કોવિડની શરુઆતમાં ચેપનો વ્યાપ રોકવા લોકડાઉન અનિવાર્ય કદમ હતું જેમાં લોકો એ ખુબ જ સહયોગ કર્યો. બધાને આ મહામારીથી જીવ કેમ બચે તેની ચિંતા હતી. તો બીજી તરફ દિન રાત પ્રવૃત્તિથી દોડતા - ભાગતા માનવીને ઘરમાં બંધ રહેવામાં એક મોટી સજા જેવો અનુભવ થતો હતો પરંતુ આપણી ધાર્મિક જૂની ટીવી સિરિયલો જેવી કે રામાયણ અને મહાભારત ને લગભગ ત્રણ દાયકા બાદ ફરીથી દૂરદર્શન ઉપર રજૂ કરવાના કદમને ખુબ ખઉબ ઉચિત ગણી શકાય. રામાનંદ સાગર દ્વારા જે રામાયણનું સર્જન થયું તે અતિ ઉત્તમ છે. તો બીઆર ચોપડા દ્વારા મહાભારત બનાવવામાં આવ્યું એ બેનમૂન કૃતિ છે. અને આ પ્રસારણ એવા સમયે રજૂ કરવામાં આવ્યું કે જયારે સમગ્ર પ્રજા મન તથા વિચારથી નબળી પડી રહી હતી. બંને ટીવી સિરિયલોના પાત્રો એટલા પ્રભાવશાળી હતા કે લોકો એ અભિનેતાને જ રામ કે કૃષ્ણ તરીકે જ નિહાળી રહ્યા હતા !!

ભય વિના પ્રીતિ ના ઉદ્ભવે એ મુજબ સમાજ ને માનસિક શાતા જરૂર પ્રાપ્ત થઈ અને બહુધા લોકોએ રસ લઈ છેક પૂર્ણ થતા સુધી આ બંને ટીવી સિરિયલો ભાવપૂર્વક નિહાળી જે તેના ટીઆરપી ઉપરથી પણ સાબિત થઈ ગયું છે. આ બંને ધાર્મિક શ્રેણીએ સમાજ સમક્ષ જે કથાનક પર પ્રસ્તુત કર્યું તેના મુખ્ય અંશો અત્રે રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે જે વાંચકોને અવશ્ય પસંદ પડશે.

- જે કર્મને સમજે છે તેને કોઈ ધર્મ સમજવાની જરૂરત નથી કર્મપ્રધાન વિશ્વમાં ઓટો-સિસ્ટમ છે.
- સૃષ્ટિ વાસ્તવમાં વિચારોની બનેલી હોય છે. વિચાર બાદ વર્તન અને વ્યવહારો પ્રગટ થતા હોય છે.
- શ્રીરામનું જીવન સ્વયં એક આદર્શ છે જયાં બધાં માટે આદર છે. વાત્સલ્ય છે, પ્રેમ છે સાથે સાથે સ્વનિષ્ઠા, કર્તવ્યપાલન, ત્યાગ અને વચન પાલન મુખ્ય છે. બે બદામની લાલક કે પ્રલોભનમા માણસ બધું ભૂલી જઈ અસત્યનો સહારો લેતો રહે છે. ત્યારે આપણી વિરાસત જરૂર દિલમાં વસે તો હૈયે રામ છે તેમ કહી શકાય.
- વધુ સંપત્તિ અને સત્તાના મોહમાં અન્ય તુચ્છ લાગતા માનવીઓ કેવી ભૂમિકા ભજવી જાય અને પરિવારો પાયમાલ થઈ જાય તેની પણ વાત બહુ સહજ રીતે પ્રગટ કરવામાં આવી. કાચા કાનના હોય તેવા માનવી એ પણ નિર્ણય લેતા પહેલા વાત ઉપર એકાંતમાં તેના ઉપર વિચારવું અતિ આવશ્યક છે. ઘણી વાર આંખથી જોયેલું પ્રથમ દષ્ટિનું વાસ્તવિક ચિત્ર પણ અલગ હોય છે !!
- સત્તાથી દૂર થઈ ગયા પછી પણ અન્ય કોઈ સત્તા કે સંબંધીઓથી અંતર રાખીને જીવનમાં આગળ વધી શકાય અને તેમાં સામાન્ય આદમી કેટલા સ્નેહ પ્રેમાળ સાબિત થતા રહે છે તેનો એક ઉપદેશ રામાયણ દ્વારા આપવામાં આવ્યો. વનવાસ પૂર્ણ કરીને રામચંદ્રજી જયારે અયોધ્યા આવ્યા ત્યારે એ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ બની ગયાં જેને શબરીના એંઠા બોર પણ ખાધા અને અહલ્યા શીલાનો પણ ઉધ્ધાર કર્યો. તમામ પછાતો ને હૃદયથી રામ ભગવાને સ્વીકૃત કર્યા. તેમની જરૂરત મુજબ સહાયતા પણ લીધી તેમાં કોઈ લઘુત્તાગ્રંથીનું નામોનિશાન પણ પ્રગટ થયું નહીં. બહુ મોટી વાત રજુ થઈ કે જીવનમાં કોઈ નાનું નથી અને માનવી ને ધુળની પણ જરૂરત પડે જ છે !!
- જે ચીજ વસ્તુ કે પદાર્થ વિશ્વમાં હોય નહીં તેનો મોહ અથવા આકર્ષણ જન્મે તો સાવચેત થઈ જવું જોઈએ કારણ કે એ કદાચ દુ:ખનું કારણ બની શકે છે. આજના સમાજને બધુ ભૌતિક અને મહત્તમ ઈષ્ટ લાગે છે જેની પાછળની દોટમાં દેવું વધી જાય આ કારણે પરિવારો પાયમાલ થઈ જતા હોય છે. લાલચમાંથી જ આપત્તિનો ઉદ્ભવ થતો રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા જેવા દુર્ગુણોનો સચોટ ચિતાર આ બંને ટીવી સિરીયલના કથાપટમાં રજૂ થયો છે.
- પતન મહાશક્તિશાળીનું પણ અવશ્ય થઈ જાય જયારે એ પરસ્ત્રી ઉપર બુરી નજર કરે છે. અથવા અન્યના શાસનને હડપ કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય ત્યારે એ તેના સર્વાંગી પતનનું કારણ બની જાય છે. સામાજીક અપરાધીકરણના વિશ્લેષણમાં આ હકીકતનું પ્રતિબિંબ આજે પણ જોવા મળે છે!
- અન્યની ચિંતા કરનાર, પરહિત કરનાર હંમેશા પોતે અંદરથી પીડિત થતો હોય છે છતાં તે આ માર્ગ ત્યજી દેતા નથી કેમ કે તેના મનમાં એક કર્તવ્યપાલનની જબરી ખુશી પેદા થાય છે માટે વિપત્તિ વખતે પણ આવા માનવીઓ પીડાની સાથે સાથે સ્વધર્મ કે કર્મનું અનુસંધાન કરતા જ રહે છે. પરપ્રાંતિયોની મદદ અભિનેતા સોનુ સૂદ દ્વારા કરવામાં આવી એ આ બાબતનો ઉત્તમ નમૂનો છે! પરહિત સમાન કોઈ ઉમદા ધર્મ નથી તો પરપીડા સમાન બીજી કોઈ અધમતા નથી
- જયારે જયારે ખુબ ભક્તિ ઈશ્વરની કરવામાં આવે છે ત્યારે ઈશ્વરે પૂછવું જ પડે છે અર્થાત વરદાન બહુ પ્રાપ્ત થતા તેના પાયામાં શ્રદ્ધાપૂર્વકનું તપ જોવા મળતું !! બે ચીજો બહુ ઘટતી એક વરદાન અને બીજું શ્રાપ - આ બંનેની વચ્ચે માણસે જીવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરવો જોઈએ.
- દાસના દાસ થઈને જીવે એ વિશ્વમાં અમર થઈ જાય છે.

**શેર આસ્વાદ :**
**સંસાર સે ભાગે ફિરતે હો**
**ભગવાન કો તુમ કયા પાઓગે ?**
**- સાહિર લુધ્યાનવી**